તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૩ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦ | ૧૧ એપ્રિલ, ૨૦૧૬, સોમવાર ; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કેરળના પુત્તિંગલ દેવીના મંદિરમાં ભીષણ આગ

૧૦૬ શ્રદ્ધાળુ ભડથુ : સેંકડો દાઝ્યા : વહેલી પરોઢે ઉત્સવ દરમિયાન આતશબાજી વેળા બનાવ બન્યો : દાઝી ગયેલા ૩૫૦થી વધુ શ્રદ્ધાળુઓને જુદી જુદી હોસ્પિટલમાં દાખલ કરાયા અનેકની હાલત ગંભીર : તાજેતરના વર્ષોની સૌથી મોટી આગની ઘટના

બાઈક જીતવાની લાલચમાં જ ૧૦૬ના મોત

આતશબાજીની ગેરકાયદે સ્પર્ધા રખાઈ હતી : સ્પર્ધા માટે કોઇપણ પ્રકારની લીલીઝંડી લેવાઈ ન હતી સ્થાનિક લોકો દ્વારા વિધિવત ફરિયાદ પણ કરાઈ હતી

કોલ્લામ,તા. ૧૦

કોલ્લામ પુત્તિંગલ મંદિરમાં બનેલી અગ્નિકાંડની ઘટના અંગે ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ મંદિરમાં આતશબાજી માટેની એક સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધા જીતવા પર બાઈક મળનાર હતી. બાઈકની લાલચમાં જ જોરદાર આતશબાજી થઈ હતી જેના પરિણામ ખુબ ઘાતક રહ્યા હતા અને ૧૦૬ લોકોના મોત થયા છે. બાઈક જીતવાના ચક્કરમાં સેંકડોની જીંદગી જતી રહી છે. આનાથી પણ કમનસીબ બાબત એ છે કે, આ સ્પર્ધા ગેરકાયદે હતી. આના માટે કોઈની પણ મંજુરી લેવામાં આવી ન હતી. આની સામે સ્થાનિક લોકો દ્વારા ફરિયાદ દાખલ કરાઈ હતી. એક મોટી વયની મહિલાએ તો આતશબાજીથી ઘર અને મોટી વયના લોકોને થતી તકલીફ અંગે ફરિયાદ કરી હતી જેથી આ મહિલાને ધમકીઓ પણ મળી રહી હતી. આ સ્પર્ધામાં જીત મળવાની સ્થિતિમાં બાઈક આપવાની વાત કરવામાં આવી હતી જેથી અનેક જગ્યાએથી લોકો એકત્રિત થયા હતા. ભારે ભીડ હોવાના કારણે વધુ સંખ્યામાં લોકોના મોત થયા છે. ગોડાઉનમાં મોટાપાયે ફટાકડા મુકવામાં આવ્યા હતા. બચાવ અને રાહત

● અનુસંધાન પાન-૭ પર

કોલ્લામ,તા. ૧૦

કેરળના પરવુર સ્થિત પુત્તિંગલ દેવીના મંદિરમાં આજે વહેલી સવારે એક ઉત્સવ દરમિયાન વિનાશકારી આગ ફાટી નિકળી હતી. આ ભીષણ આગમાં હજુ સુધી ૧૦૬ શ્રદ્ધાળુઓ બળીને ભડથુ થઇ ગયા હતા. જ્યારે દાજી ગયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૩૫૦થી પણ વધારે હોવાનુ જાણવા મળ્યુ છે. જેથી મોતનો આંકડો વધવાની દહેશત પ્રવર્તી રહી છે. આજે વહેલી પરોઢે ત્રણ વાગે આતશબાજી દરમિયાન વિસ્ફોટમાં હજુ સુધી મોતનો આંકડો સતત વધી રહ્યો છે. આગની ઘટના બાદ બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. દાજી ગયેલા શ્રદ્ધાળુઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ભારતના ઇતિહાસની હજુ સુધીની સૌથી મોટી આગની ઘટના બાદ કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે તરત જ કેરળના મુખ્યપ્રધાન ઓમન ચંડી સાથે ફોન પર વાત કરી હતી. સાથે સાથે આ બનાવ બાદ ઉભી થયેલી સ્થિતીને પહોંચી વળવા અને તમામ મદદ કરવા ખાતરી આપી હતી. બચાવ અને રાહત કામગીરીમાં રાજ્ય પોલીસ, રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને અગ્નિશામક દળની ટુકડીઓ લાગેલી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના એક પ્રવકતાએ માહિતી આપતા કહ્યુ હતુ કે મંદિરમાં ફટાકડામાં વિસ્ફોટ થયા બાદ આગ લાગી હતી. આગ લાગવાના કારણે મંદિરનો એક હિસ્સો પણ ધરાશાયી થઇ ગયો હતો. શ્રદ્ધાળુઓમાં ભારે અફડાતફડી અને નાસભાગ મચી ગઇ હતી. મુખ્યપ્રધાન ઓમન ચંડી પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પરિસ્થિતીની સમીક્ષા કરી હતી. મંદિરમાં આતશબાજીની કોઇને મંજુરી ન હતી. કેટલાક મૃતદેહો તો ખરાબ હાલતમાં છે. જેથી તેમની ઓળખ કરવા માટે ડીએનએ પરીક્ષણ કરવામાં આવનાર છે. મોટા ભાગના લોકો દાજી જવાના કારણે

● અનુસંધાન પાન-૭ પર

મૃતકોના પરિવારને બે લાખ આપવાની મોદીની જાહેરાત

કોલ્લામ,તા. ૧૦

કેરળના પરવુર સ્થિત પુત્તિંગલ દેવી મંદિરમાં ઉત્સવ દરમિયાન વિનાશકારી આગની ઘટના બાદ વડાપ્રધાન મનરેન્દ્ર મોદીએ પણ દુખ વ્યક્ત કર્યુ છે. મોદીએ ટ્વીટ કરીને કહ્યુ છે કે આ ઘટના ખુબ જ દુખદ અને આઘાતજનક છે. કેરળના મુખ્યપ્રધાન સાથે પણ વડાપ્રધાને વાત કરી હતી. બીજી બાજુ વડાપ્રધાન મોદીએ અગ્નિકાંડની આ ઘટનામાં મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા લોકો માટે વળતરની જાહેરાત પણ કરી હતી. મોદીએ કોલ્લમ મંદિર દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના નજીકના સંબંધીને બે બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. જ્યારે દાજી ગયેલા લોકોને ૫૦ હજાર આપવાની જાહેરાત કરી હતી. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે પણ કેરળના મુખ્યપ્રધાન ઓમન ચંડી સાથે ફોન પર વાત કરી હતી. દરમિયાન કોલ્લમ મંદિર દુર્ઘટના મામલે મંદિર વહીવટીતંત્ર અને વિસ્ફોટકના લાયસન્સ ધારકોની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. તપાસના આદેશ થયા છે.

ઉત્તર ભારતમાં ૬.૮ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ

આશરે બે મિનિટ સુધી ભૂકંપના આંચકાની અસર રહી : પાકિસ્તાનના પેશાવરથી ૨૪૮ કિલોમીટરના અંતરે ભૂકંપનું કેન્દ્ર રહ્યું: લોકો દહેશતના કારણે ઘરની બહાર દોડી ગયા : અફઘાન-પાકિસ્તાન પણ હચમચ્યા

નવીદિલ્હી,તા. ૧૦

જમ્મુ કાશ્મીર, દિલ્હી, એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં આજે પ્રચંડ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ભૂકંપના આંચકો આજે ૪.૧ વાગે અનુભવાયો હતો અને અસર આશરે બે મિનિટ સુધી રહી હતી. ભૂકંપના પરિણામ સ્વરુપે સાવચેતીના કેટલાક પગલા લેવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ ભુકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-કઝાકિસ્તાન સરહદ ઉપર સ્થિત હોવાનું જાણવા મળ્યું છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં પણ ભૂકંપના પ્રચંડ આંચકા અનુભવાયા હતા. આ આંચકાની તીવ્રતા ૬.૮ જેટલી આંકવામાં આવી છે. ભારતમાં ભૂકંપના આંચકાની સૌથી વધુ અસર શ્રીનગર, ચંદીગઢ, પંજાબ, હરિયાણા, દિલ્હી-એનસીઆરમાં અનુભવાઈ હતી. લોકો પોતાના ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. ભૂકંપના પરિણામ સ્વરુપે શ્રીનગર એરપોર્ટ ઉપર લાઇટ ડુલ થઇ ગઇ હતી. પાકિસ્તાનના પેશાવરથી આશરે ૨૪૮ કિલોમીટર ઉત્તરે ભૂકંપનું કેન્દ્ર હતું. બે મિનિટ સુધી તેની અસર રહી હોવાથી લોકોમાં વ્યાપક દહેશત રહી હતી. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ કહ્યું છે કે, ભૂકંપની

● અનુસંધાન પાન-૭ પર

અંકુશરેખા પર પાકિસ્તાનનો ગોળીબાર

યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરાયો : ભારતીય જવાનો દ્વારા જોરદાર કાર્યવાહી : સામ સામે કલાકો સુધી ગોળીબાર જારી : અબ્દુલ બાસિતના નિવેદન બાદ તંગ સ્થિતિ : સરહદે સુરક્ષા વધારાઈ

શ્રીનગર,તા. ૧૦

પાકિસ્તાની સૈનિકો દ્વારા આજે ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને જમ્મુ કાશ્મીરમાં પુંચ સેક્ટરમાં અંકુશ રેખા પર ભીષણ ગોળીબાર કર્યો હતો. જેના પરિણામસ્વરૂપે ફરી એકવાર સરહહ પર વિસ્ફોટક સ્થિતી સર્જાઈ ગઈ હતી. આજે સવારે પાકિસ્તાની સૈનિકો તરફથી કરવામાં આવેલા ગોળીબાર બાદ ભારતીય

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાતમાં પણ વ્યારા વિસ્તારમાં ભૂકંપનો આંચકો

ગાંધીનગર, તા.૧૦

ધરતીકંપનો આંચકો આવતા ફરી એક વખત દક્ષિણ ગુજરાતની ધરા ધ્રુજી છે. સુરત જિલ્લાના વ્યારા કાકરાપાર અને બીજાપુરમાં રવિવારના બપોરના સમયે ભૂકંપના આંચકાએ લોકોને હચમચાવ્યા હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભૂકંપના બે આંચકા અનુભવાતા સ્થાનિકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે આ લખાઈ રહ્યું છે ત્યારે જાનહાનિના કોઈ અહેવાલ સાંપડયા નથી.

વ્યારા કાકરાપાર અને બીજાપુરમાં રવિવારે બપોરે ૩-૫ કલાકના સુમારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બે વખત ભૂકંપના આંચકા અનુભવાતા સ્થાનિક લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ભૂકંપનું કેન્દ્ર બિંદુ સુરતથી ૩૮ કિલોમીટર દૂર હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૩-૪ નોંધાઈ છે.

સુરતના વ્યારા અને કાંકરાપારમાં ભૂકંપના આંચકા અનુભવાયા બાદ બપોરના ચાર કલાકે ઉત્તર ભારતમાં દિલ્હી અને ચંડીગઢમાં પણ ભૂકંપના આંચકા આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાનના હિન્દુકુશ વિસ્તારમાં મનાઈ રહ્યું છે. ભૂકંપનો આ આંચકો ૬.૮ની તીવ્રતાનો નોંધાવા પામ્યો છે.

કેશવમ
પાર્ટી પ્લોટ
અમારે ત્યાં
વિશાળ લૉન એરિયા
વ્યવસ્થિત મોટા એ. સી. રૂમ
પાર્કીંગની વ્યવસ્થા
આધુનીક સ્ટાઈલના મંડપ ડેકોરેશન
સંપુર્ણ અને સુઘડ કિચનની વ્યવસ્થા
કેટરીંગની વ્યવસ્થા
દરેક પ્રસંગ માટે અનુકુળ
એસોસીએટ ફર્મ, ગાંધીનગર
રાધે Prem Ni Mithaas
કેશવમ પાર્ટી પ્લોટ, પેથાપુર - મહુડી રોડ, ગાંધીનગર
: +91 98254 50111, +91 99099 55655 : www.keshavampartyplot.com

નવભારત હોલીડેઝ
સમર વેકેશનમાં આપની રજાઓ માણો... નવભારત હોલીડેઝ સાથે
સસ્તી ગ્રુપ એર ટિકિટ
3 A.C. રેલ્વે કોચમાં કન્ફર્મ ટિકિટ
લેહ-લડાખ | દાર્જીલીંગ | ગંગટોક
કાશ્મીર | હિમાચલ | ગોવા
પોર્ટ બ્લેર | ચારધામ | નૈનીતાલ
૬-૭,ગણેશ પ્લાઝા, ડે-નાઈટ સામે, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે,અમદાવાદ
079-6199 9000,2644 1555, 98258 04079

www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express Pvt Ltd
પ્રિતી મોલ, એફ-૨, સીટીમોલ-૨ સામે, કલોલ
M.: 9227706105 9898036257
10+ U.K. : 170/- • 30+ U.S.A. : 260/- 30 + CANADA : 340/-
ગટારીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsairinternational@yahoo.co.in

Summer Special
Kesar Elaichi Mattha
રાધે Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com
Associated Stores in Gandhinagar
Sector - 11, Contact No. - +91 79 2324 9596
Sector-21, Contact No. - +91 79 2323 4840
Sector-29, Contact No. - +91 79 2322 1689
Raisan, Contact No. - +91 92280 02290
Sweets | Namkeen | Snacks
Bakery | Dryfruits | Chocolate
E : talk2us@premnimithaas.com
us on facebook.com/radhesweetsofficial
Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655